અપીલ અરજી નં.૩૧૭ તા.૨૧–૯–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મનીષ એન ગીલીટવાલા
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મનીષ એન ગીલીટવાલાની તા. ૫–૮–૧૧ની અરજીથી (૧) પોદાર પ્લાઝામાં માપણી નાયબ નિયોજકે કરી ખાતરી કરી તેનો જવાબ આગામી સંકલન પહેલા માન. ધારાસભ્યશ્રીને મોકલી આપવા જણાવેલ હતું તો નાયબ નગર નિયોજકે તે માપણી કરી છે ખરી? જો કરી હોય તો તેની વિગતો આપવી. મુદ્દા નં.(૨) તા.૨૩–૪–૨૦૦૭ અને તા.૨૪–૪–૨૦૦૭ ના હુકમથી તત્કાલીન કલેકટરશ્રી વત્સલા વાસુદેવાયે જે હુકમો કરી મોજે ગામ ભરથાણા–વેસુના સર્વે નં. ૧૦૮/૩, ૧૦૫, ૮૩/૩+૪, ૧૦૪/૧,૨,૩ વાળી જમીનમાં ગેરકાયદેસર બાંધકામો તાત્કાલીક અસરથી બંધ કરાવી દુર કરાવવા અને ત્યાર બાદ બે માસમાં તેમની કચેરીને જાણ કરવા હુકમ કરેલ હતો તે બાબતે આજ દિન સુધી શું કાર્યવાહી કરી છે તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૯–૧૧ ની **SMC/FAP/** નં.૩૧૭/૨૦૧૧–૧૨

શ્રી મનીષ એન ગીલીટવાલાની તા. ૫–૮–૧૧ની અરજીથી (૧) પોદાર પ્લાઝામાં માપણી નાયબ નિયોજકે કરી ખાતરી કરી તેનો જવાબ આગામી સંકલન પહેલા માન. ધારાસભ્યશ્રીને મોકલી આપવા જણાવેલ હતું તો નાયબ નગર નિયોજકે તે માપણી કરી છે ખરી? જો કરી હોય તો તેની વિગતો આપવી. મુદ્દા નં.(૨) તા.૨૩–૪–૨૦૦૭ અને તા.૨૪–૪–૨૦૦૭ ના હુકમથી તત્કાલીન કલેકટરશ્રી વત્સલા વાસુદેવાયે જે હુકમો કરી મોજે ગામ ભરથાણા –વેસુના સર્વે નં. ૧૦૮ / ૩, ૧૦૫, ૮૩/૩+૪, ૧૦૪/૧,૨,૩ વાળી જમીનમાં ગેરકાયદેસર બાંધકામો તાત્કાલીક અસરથી બંધ કરાવી દુર કરાવવા અને ત્યાર બાદ બે માસમાં તેમની કચેરીને જાણ કરવા હુકમ કરેલ હતો તે બાબતે આજ દિન સુધી શું કાર્યવાહી કરી છે તેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા, વધુમાં પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ /આ.નં. ૭૪૭ તા. ૨૬–૯–૧૧ના પત્ર અન્વયે તા. ૨૮–૯–૧૧ના રોજ કરેલ સુનાવણી સદરહુ રીપોર્ટની કાર્યસુચી પણ જણાવવા** પત્ર નં.આરટીઆઈ સેલ/ ૯૧૩ તા.૧૧–૧૦–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) **ને** પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૮૩૫ તા.૧૫–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મ. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/આ.નં.૨૧૬ તા.૨૬–૮–૧૧ થી કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી અને જુની. નગર નિયોજક નગર આયોજન અનુ મૂલ્યાંકન ખાતાના પત્ર નં.જા.મા.અ./આઈડી નં.૨૭/૧૧/સુરત/૧૮૧૯ તા.૬–૮–૧૧ થી નગર નિયોજક સુરત મનપા કચેરીને અરજી તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૬૬૦ તા.૯–૯–૧૧ થી મુદ્દા નં.૨ માટે કલ ેકટરશ્રી કલેકટર કચેરી એન.એ શાખાને તબદીલ કરેલ પત્રની નકલ, નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/ આ.નં.૭૪૫ તા.૨૬–૯–૧૧ થી અરજદારને તા.૨૮–૯–૧૧ ના રોજ આપેલ ઈન્સ્પેકશન અંગેના પત્રની નકલ, એકનોલ ેજમેન્ટ સ્લીપની નકલ, દફતરી નિરીક્ષણ ના રોજકામ અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૫–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને જુની. નગર નિયોજક નગર આયોજન અનુ મૂલ્યાંકન ખાતે કરવામાં આવેલ. જેમાં જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/આ.નં.૨૧૬ તા.૨૬–૮–૧૧ થી કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને નિયત સમય અવધિ બાદ તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૬૬૦ તા.૯–૯–૧૧ થી મુદ્દા નં.૨ માટે કલેકટરશ્રી

કલેકટર કચેરી એન.એ શાખાને તબદીલ કરવામાં આવેલ. મુદ્દા નં.૧ માટે જાહેર માહિતી અધિકારી નગર નિયોજકે માહિતી આપવાની થાય. જે આપેલ હોવાનું જણાતું નથી. અરજદારે મુદ્દા નં.૨ માં વેસુના સર્વે નંબર ૧૦૮/૩, ૧૦૫,૮૩/૩ + ૪ , ૧૦૪ /૧–૨–૩ વાળી જમીનમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ રીઝર્વેશનમાં બાંધકામ બાબતની માહિતી માટે પ્રત્યુત્તર આપવામાં આવેલ નથી એમ જણાવી તા.૨૧–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/ આ.નં.૭૪૫ તા.૨૬–૯–૧૧ થી " અરજદારને તા.૨૮–૯–૧૧ ના રોજ બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ કલાક સુધીમાં રૂબરૂ સાંભળવાની તક આપવા માટે પત્રથી જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તથા તેમના પ્રતિનિધિ શ્રી ધર્મેશ સોપારીવાલાએ તા.૨૮–૯–૧૧ ના રોજ બપોરે ૧૨.૧૫ કલાકે રૂબરૂ હાજર રહી ઈન્સ્પેકશન કરેલ. જેમાં જરૂરી માહિતી ની નકલ પાના નંગ–૧૧ નકલ દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૨૨/– અઠવાઝોનની કચેરીએ ઓફિસ સમય દરમ્યાન ભર્યેથી નકલ આપવામાં આવશે. તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારીએ આપેલ ઈન્સ્પેકશનના રોજ કામ પરથી અરજદાર વતી અન્ય વ્યકિત શ્રી ધર્મેશ સોપારીવાલાએ ઈન્સ્પેશન કરી અલગ સહી પણ કરેલ છે તથા રોજકામમાં અરજદાર હાજર હોવાનો ઉલ્લેખ પણ કરવામાં આવેલ છે.

અરજદારની સરખા વિષય વસ્તુ ધરાવતી અપીલ નં.૩૧૬ તા.૨૧–૯–૧૧ અન્વયે અપીલ તબકકે અરજદારને અપીલના મુદ્દા બાબતે નારાજગી અંગે પૂરક રજૂઆત–પક્ષ રજૂ કરવા તક આપેલ પરંતુ તેમાં તેઓ સફળ રહેલ નથી. અરજદારે તેમની બંને અરજી–અપીલો અંગે અઠવાઝોન ખાતે સુનાવણી મેળવેલ છે અને સુનાવણી પશ્ચાત નિયત ફી ભરી નકલ–૧૧ પણ મેળવેલ છે. અપીલ તબકકે અરજદારે માત્ર મુદ્દા નં.૨ અંગે રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૧ અંગે કોઈ જાહેર માહિતી અધિકારીએ પક્ષકાર બનાવી નારાજગી વ્યકત કરેલ નથી.

અત્રે એ પણ સૂચક છે કે મુળ અરજી સુડા ખાતેથી નગર નિયોજક સુમપાને તબદીલ થયેલ જે પૈકી મુદ્દા નં.૧ નગર નિયોજક ધ્વારા માપણીના મુદ્દા સહિત અઠવાઝોનને તબદીલ થયેલ અને અઠવાઝોન ધ્વારા મુદ્દા નં.૧ અંગે કોઈ પુનઃ તબદીલી કર્યાનું જણાતું નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૫–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી મનીષ એન ગીલીટવાલા,